| | | |
|---|---|---|
| અમદાવાદ શહેર પોલીસ | **ઇસનપુર પોલીસ સ્ટેશન**<br>અમદાવાદ શહેર<br>ફોન નં. ૦૭૯- ૨૫૪૩૦૧૮૦<br>Email.ID-polstn-isanpur-ahd@gujarat.gov.in | અમદાવાદ શહેર પો |

# <u>પ્રેસનોટ</u>

# ઇસનપુર પોલીસ સ્ટેશન

## <u>ભારતીય બનાવટનો વિદેશી દારૂનો ગણના પાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ</u>

**મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને ઇસનપુર પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ <u>સર્વેલન્સ સ્કોડ ઇન્ચાર્જ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા</u> નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પ્રોહી-જુગારની ડ્રાઇવ અનુસંધાનમા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા *<u>એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા લોકરક્ષક મહાવીરસિહ સિધ્ધરાજસિહ તથા લોકરક્ષક મહીપાલસિહ જટુભા</u>* નાઓને મળેલ સયુકત બાતમી આધારે** ઘોડાસર કેનાલ રોડ અગમ-નિગમ સોસાયટીના ગેટની સામે કેનાલ બગીચાના કોટ પાસે બિનવારસી પાર્ક કરેલ સફેદ કલરની ટોયોટા કોરોલા ગાડી નં જી.જે-૦૧ આર.જી-૨૨૩૮ માથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ ૭૧ કિંમત રૂપિયા ૩૫,૫૦૦/-તથા ગાડીની કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૫,૩૫,૫૦૦/-નો મુદ્દામાલ આજરોજ તા ૧૭/૦૮/૨૦૧૯ ના કલાક ૨૨/૪૫ વાગે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન પ્રોહી ગુ.ર.નં ૫૨૬૪/૨૦૧૯ પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫એ,ઇ,૧૧૬(બી),૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે તા ૧૭/૦૮/૨૦૧૯

